# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪)ના નં-૨ ની કલમ-૧૪૪ અન્વયે થયેલ હુકમ

## ક્રમાંક : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૦૪ /૨૦૧૯

ગુજરાત સરકાર ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક વિ-૧/કઅવ/૧૦૨૦૧૩/૧૯૧૫૪, તા.૮/૧૦/૨૦૧૩ સચિવાલય ગાંધીનગર નાઓના રાજ્યમાં શોપીંગમોલની સુરક્ષા બાબતનાં આદેશ અન્વયે.

તાજેતરમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ. જેમાં ગુજરાત સહિત દેશનાં ઘણા નાગરિકોના અકાળે મૃત્યુ થયેલ. જેથી અમદાવાદ શહેરમાં આવેલ શોપીંગમોલની પુરતી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા તથા સુરક્ષા સુદ્રઢ રીતે જળવાઇ રહે તે હેતુથી પગલાં લેવા જરૂરી છે. જેથી તકેદારી માટેનાં પગલાં લેવડાવવા સારૂ નીચે મુજબ હુકમ કરૂ છું.

હું એ.કે.સિંઘ પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સીઆરપીસી-૧૯૭૩ (૧૯૭૪)નં-૨ ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ શોપીંગમોલની સુરક્ષા અંગે ચુસ્તપણે અમલ કરવો.

(૧) દરેક મોલમાં એન્ટ્રીગેટ આગળ મોલનાં Exit ગેટ તથા મોલની પાછળનાં વિસ્તારમાં થતી તમામ હિલચાલનું વિડીયો-ઓડીયો રેકોર્ડીંગ થાય તે રીતે સીસીટીવી કેમેરા લગાડવા. જેમાં color - Image, I.P. Base, 1.3 Mega Pixel Minimum With Night vision, Capability Data Storage-15 Days min. જેથી મોલની સુરક્ષા યોગ્ય રીતે જળવાઇ રહે.

(૨) મોલની અંદર દાખલ થતાં વાહનો (મોટરકાર/ટુવ્હીલર વિગેરે) નું ચેકિંગ કરવામાં આવે છે, તેની સાથે સાથે. વાહનોની અંદર બેઠેલ તમામ વ્યક્તિઓનું પણ ચેકિંગ કરવું જરૂરી છે.

(૩) જ્યારે જ્યારે મોલની માલીકિ બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા સુરક્ષા અંગેની જણાવેલ તમામ જરુરી ચેકિંગ યોગ્ય રીતે થાય તે મુજબ નવા માલીકે પણ કાર્યવાહી કરવાની રહેશે. તેમજ મોલની માલીકિ ફેરબદલી અંગેની જાણ અત્રે પોલીસ કમિશનરકચેરીની સ્પેશ્યીયલ બ્રાંન્ચ ખાતે કરવાની રહેશે.

(૪) મોલમાં આવતાં તમામ માલ-સામાન ( goods) નું ચેકિંગ કરવું. જેથી મોલમાં કોઇ પ્રતિબંધીત અથવા સ્ફોટક પદાર્થો આવી ન જાય તે રીતે ચકાસણી કરવી, તેમજ સલામતી માટે જરૂરી તમામ સિક્યુરીટી માટે તાલીમ બધ્ધ અને સિક્યુરીટીનાં નિયમોના માહીતગાર હોય તેવાં માણસોથી રાઉન્ડ ધી ક્લોક સલામતીની વ્યવસ્થા મોલ માલીકે પોતાનાં ખર્ચે કરવાની રહેશે.

(૫) મોલમાં Explosive જેવા કાયદાથી પ્રતિબંધીત પદાર્થ ન આવે તે અંગેની ચકાસણી માટે સલામતી સાથે સાથે સ્નીફર ડોગથી પણ ચકાસણી થાય તેવી સલામતી ગોઠવવાની રહેશે.

આ હુકમ તા.૦૪/૦૨/૨૦૧૯ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૪/૦૪/૨૦૧૯ ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂં છું. આ હુકમની જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી તથા નાયબ પોલીસ કમિશનરશ્રી તથા પોલીસ કમિશનરશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ આ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૮/૦૧/૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર